# ટ્રમ્પની અપીલ નહીં માને તે દેશ કાયર અને એક નબળા દેશના રાષ્ટ્રપતિનું અપહરણ કરે તે દેશ મર્દ?

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાન યુદ્ધમાં સાથ નહીં આપવા બદલ NATO સહયોગી દેશો પર નારાજગી વ્યક્ત કરી છે. ટ્રમ્પે સોશિયલ મીડિયા પર લખ્યું છે કે, NATO દેશો કાયર છે અને અમેરિકા વિના આ ગઠબંધન માત્ર 'કાગળનો વાઘ' છે. તેઓ ન્યૂક્લિયર તાકાત ધરાવતા ઈરાનને રોકવાની લડાઈમાં સામેલ થવા માગતા નહોતા. હવે જ્યારે આ લડાઈ સૈન્ય રીતે જીતી લેવામાં આવી છે, ત્યારે તેઓ તેલના ઊંચા ભાવની ફરિયાદ કરી રહ્યા છે. ટ્રમ્પે હોર્મુઝ સ્ટ્રેટનો ઉલ્લેખ કરતા કહ્યું કે તેને ખુલ્લી રાખવા માટે સૈન્ય મદદ આપવી સરળ છે, પરંતુ સહયોગી દેશો તેમાં પણ પાછળ હટી રહ્યા છે. તેમણે ઉમેર્યું, "આ એક ખૂબ જ સરળ સૈન્ય પગલું છે, જેમાં જોખમ ઘણું ઓછું છે, પરંતુ તેઓ મદદ કરવા માગતા નથી. કાયર છે, અને અમે આ યાદ રાખીશું." આવું તેમણે એટલા માટે લખ્યું છે કે, તેમણે હોર્મુઝ સ્ટ્રેટ તરફ જહાજો મોકલવાની દરેક દેશને અપીલ કરી હતી. જેમાં નાટોના એક પણ દેશે સાથ આપ્યો નથી. માત્ર નાટો જ નહીં દુનિયાનો એકપણ દેશ ટ્રમ્પના આ નિર્ણયની સાથે રહ્યો નથી. ત્યારે અહીં કહેવા જેવી વાત એ છે કે, નાટોના દેશો કાયર નથી પરંતુ ટ્રમ્પના વિચાર્યા વગરના અને ગમે તે સમયે બદલાતા નિર્ણય પર હવે દુનિયાના કોઇ દેશને ભરોસો નથી. નાટો કાયર નથી ખરેખર તો ટ્રમ્પે જે રીતે ઓછી લશ્કરી તાકાત ધરાવતા વેનેઝુએલાના રાષ્ટ્રપતિને બંધક બનાવ્યા તે દર્શાવે છે કે કાયર તો ટ્રમ્પ છે. નબળા દેશના રાષ્ટ્રપતિને આ રીતે ઉપાડવામાં તેમણે શું મર્દાનગી બતાવી છે. સૌથી મહત્વની વાત એ છે કે, ઇરાન ઇઝરાયેલ અને અમેરિકા બંને દેશોને 22 દિવસથી ટક્કર આપી રહ્યું છે અને જો ટ્રમ્પ કે અમેરિકા જો મજબૂત હોય તો અન્ય દેશો પાસે મદદ માંગવા માટે શા માટે મજબૂર થયા? આજે સવારે અમેરિકા અને ઇઝરાયલે ઈરાનના નતાંઝ ન્યુક્લિયર સેન્ટર પર હવાઈ હુમલો કર્યો હતો. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે આ હુમલામાં અત્યાર સુધી કોઈ પણ પ્રકારનું રેડિયોએક્ટિવ (ખતરનાક પરમાણુ) ગળતર થયું નથી. આ વિસ્તારની આસપાસ રહેતા લોકોને કોઈ ખતરો નથી. ઇઝરાયલ અને અમેરિકાએ આ પહેલા 2 માર્ચના રોજ પણ આ પ્લાન્ટ પર હુમલો કર્યો હતો. આ ઈરાનનું સૌથી મોટું ન્યુક્લિયર સેન્ટર છે, જ્યાં યુરેનિયમ એનરિચમેન્ટ (સંવર્ધન) કરવામાં આવે છે. આ પ્લાન્ટની એક ખાસ વાત એ છે કે તેનો મોટો હિસ્સો જમીનની નીચે બનેલો છે. આવું એટલા માટે કરવામાં આવ્યું છે જેથી કોઈ પણ હુમલાથી તેને બચાવી શકાય. તો બીજી તરફ

વોલ સ્ટ્રીટ જર્નલે દાવો કર્યો છે કે, ઈરાને ડિએગો ગાર્સિયા પર બે મધ્યમ-અંતરની બેલિસ્ટિક મિસાઇલો છોડી હતી, જે ઈરાનથી આશરે 4,000 કિલોમીટર દૂર સ્થિત છે, અને તેની મિસાઇલ ક્ષમતાઓથી ઘણા આગળના લક્ષ્યને નિશાન બનાવ્યું હતું. હિન્દ મહાસાગરમાં પહેલી વખત ઇરાને હુમલો કર્યો છે પરંતુ ચોંકાવનારી બાબત એ છે કે, ઇરાન આટલે દૂર સુધી હુમલો કરવામાં પણ સક્ષમ છે. ડિએગો ગાર્સિયા હિંદ મહાસાગરમાં યુએસ-યુકેનું સંયુક્ત લશ્કરી મથક છે. સામે પક્ષે દાવો કરવામાં આવ્યો છે કે, આ બંને મિસાઇલને ઇન્ટરસેપ્ટ કરીને તોડી પાડવામાં આવી હતી. પણ હકીકત એ છે, આટલે દૂર સુધી મિસાઇલ છોડીને ઇરાને સાબિત કરી આપ્યું છે કે યુદ્ધ હજી ખતમ થયું નથી.

## વેશપલટો શક્ય, વિચારપલટો અશક્ય



મહાભારતની વાત છે. દ્રૌપદીનો સ્વયંવર હતો. બધા રાજ રાજવીને હરાવીને એક બ્રાહ્મણ યુવક માછલીની આંખ વીંધી શક્યો અને હવે દ્રૌપદી તેને વરમાળા પહેરાવશે. તે સમયે પાંડવો વનવાસમાં હતા અને બ્રાહ્મણ વેશે માતા કુંતી સાથે જંગલ નજીકના ગામમાં રહેતા હતા. એક બ્રાહ્મણ યુવક સ્વયંવરમાં વિજયી બન્યો તેની રાજા દ્રુપદને બહુ નવાઈ લાગી હતી. રાજા દ્રુપદ વિચારી રહ્યા હતા કે મારી ઈચ્છા અર્જુન જેવા મહાન વીર ધનુર્ધારી સાથે મારી પુત્રીનો વિવાહ કરવાની ઈચ્છા હતી એટલે જ સ્વયંવરમાં આટલી અઘરી આકરી શરત રાખવામાં આવી હતી અને આ શું થઈ ગયું? બધા રાજા રાજવી અને કુંવારો નિષ્ફળ ગયા અને બ્રાહ્મણ યુવક આટલું અઘરું નિશાન પાર પાડી માછલી વીંધી ગયો. આ કઈ રીતે શક્ય બને? મારે આ બ્રાહ્મણ યુવક કોણ છે તેની બરાબર તપાસ કરાવવી પડશે.

**ચાર્જિંગ પોઈન્ટ**
**હેતા ભૂષણ**

હવે રાજા દ્રુપદે રાજ મહેલમાં ભોજન સમારંભનું ભવ્ય આયોજન કર્યું. બ્રાહ્મણ યુવક અને તેના ભાઈઓ સમારંભમાં મુખ્ય અતિથિ હતા. રાજમહેલને ભવ્ય રીતે સજાવવામાં આવ્યો, ફૂલની રંગોળી, ઠેર ઠેર દીપકો... એક બાજુ મંદિર સજાવવામાં આવ્યું. એક બાજુ યુદ્ધમાં વપરાતાં વિવિધ નવીન શસ્ત્રો વ્યવસ્થિત રીતે ગોઠવવામાં આવ્યાં. વચ્ચેથી ભોજનશાળામાં જવાનો રસ્તો હતો.

ઘણાં બધાં આમંત્રિતો આવી રહ્યાં હતાં, સજાવટને જોતાં હતાં, ભોજનશાળામાં જતાં હતાં, સ્વયંવરમાં શરત પૂરી કરી, દ્રૌપદીનો હાથ જીતવાવાળો બ્રાહ્મણ યુવક તેના ભાઈઓ સાથે આવ્યો. રાજા દ્રુપદે આવકાર આપ્યો અને ભોજનખંડમાં પધારવા કહ્યું પરંતુ પાંડવોનું સર્વપ્રથમ ધ્યાન શસ્ત્રો તરફ ગયું. તેઓ તેને ધ્યાનથી જોવા લાગ્યા. રાજા દ્રુપદ સમજી ગયા. તેમણે પૂછ્યું, ''તમે કોણ છો? બ્રાહ્મણ લાગતા નથી. સાચી ઓળખ આપો.'' યુધિષ્ઠિર ક્યારેય અસત્ય ન બોલતા હતા. તેમણે કહ્યું, '' રાજન્, અમે હસ્તિનાપુરના રાજા પાંડુના પુત્રો પાંડવો છીએ. બ્રાહ્મણ નહીં, ક્ષત્રિય છીએ. હું યુધિષ્ઠિર અને આ શરત જીતનાર બ્રાહ્મણ અર્જુન છે. દ્રુપદ આ જાણીને ખુશ થયા અને હસતાં હસતાં બોલ્યા, ''વ્યક્તિ વેશપલટો કરી શકે પણ પોતાના મૂળભૂત વિચારોને અને પોતાની લાગણીઓને પોતાના ગમા અણગમા, સ્વભાવ અને આસક્તિઓને બદલી શકતો નથી.''

# ઈરાન મુદ્દે માત્ર પશ્ચિમી દેશો જ નહીં, બ્રિક્સ, જી ૭ અને નાટો જેવાં ગઠબંધનો પણ દ્વિધામાં

**વર્લ્ડ વૉચ**
**ડૉ. જયનારાયણ વ્યાસ**

**ચીન અને બ્રાઝિલ જેવાં સભ્યોએ અમેરિકી હુમલાની ટીકા કરી, ત્યારે ભારત મૌન રહ્યું અને દક્ષિણ આફ્રિકાએ પણ કોઈ સ્પષ્ટ પક્ષ લીધો નથી**

૨૮ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ જ્યારે અમેરિકા અને ઈઝરાયેલ દ્વારા ઈરાન પર હુમલા કરવામાં આવ્યા, ત્યારે અનેક વિશ્લેષકોએ એવું જાહેર કરી દીધું કે 'બ્રિક્સ' (BRICS) માત્ર એક ભ્રમ છે. ઈરાન ૨૦૨૪માં જ આ જૂથમાં જોડાયું હતું, છતાં બ્રિક્સ આ હુમલા પર કોઈ એક જૂથ પ્રતિસાદ આપવામાં નિષ્ફળ રહ્યું છે.

ચીન અને બ્રાઝિલ જેવાં સભ્યોએ અમેરિકી હુમલાની ટીકા કરી, ત્યારે ભારત મૌન રહ્યું અને દક્ષિણ આફ્રિકાએ પણ કોઈ સ્પષ્ટ પક્ષ લીધો નથી. ટીકાકારોનું કહેવું છે કે આ જૂથ અસંગત અને બિનઅસરકારક છે. પરંતુ, આ દલીલ પાછળની માન્યતા જ ભૂલભરેલી છે કારણ કે બ્રિક્સ એ એક સૈન્ય ગઠબંધન (Military Alliance) નથી. વાસ્તવમાં, બ્રિક્સ ક્યારેય ભૂરાજકીય બ્લોક રહ્યો જ નથી.

૨૦૦૯માં તેની સ્થાપના થઈ ત્યારથી જ તેના સભ્યોની પ્રાથમિકતાઓ અલગ રહી છે. રશિયા અને ચીન આ જૂથને પશ્ચિમી દેશો (G-7) સામેના એક હથિયાર તરીકે વાપરવા માંગે છે, જ્યારે ભારત, બ્રાઝિલ અને દક્ષિણ આફ્રિકા 'મલ્ટી-એલાઈનમેન્ટ' (બધા પક્ષો સાથે સમાન સંબંધ)ની નીતિમાં માને છે.

૨૦૨૪માં ઈજિપ્ત, ઈથોપિયા, ઈરાન અને યુએઈ (UAE)ના પ્રવેશ બાદ આ જૂથ વધુ વિખરાયેલું બન્યું છે. ઈરાન યુએઈ પર ડ્રોન દ્વારા હુમલો કરે છે, ત્યારે એક રીતે તો બ્રિક્સે પોતે જ પોતાના સભ્ય દેશ પર હુમલો કર્યો કહેવાય અને BRICS દેશો વચ્ચે દુશ્મની થઈ કહેવાય. ઉપરાંત, સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ (UNSC)ના સુધારા મુદ્દે પણ સભ્યોમાં કોઈ સર્વસંમતિ નથી. ગયા વર્ષે તો ઈતિહાસમાં પહેલી વાર BRICS વિદેશ મંત્રીઓની બેઠક બાદ કોઈ સંયુક્ત નિવેદન પણ જાહેર થઈ શક્યું નહોતું. જો કે માત્ર બ્રિક્સ જ નહીં, નાટો (NATO) અને G-7 પણ વિભાજિત છે. જો સૈન્ય કટોકટી વખતે મતભેદ હોવા એ સંગઠનની નિષ્ફળતા હોય, તો પશ્ચિમી દેશોનાં આ ગઠબંધનો પણ નિષ્ફળ ગણાય. ઈરાન યુદ્ધ મામલે નાટો અને G-7માં પણ તિરાડો પડી છે. સ્પેન દ્વારા અમેરિકી હુમલાને આંતરરાષ્ટ્રીય કાયદાનું ઉલ્લંઘન ગણાવ્યું છે અને પોતાનાં સૈન્ય મથકોનો ઉપયોગ કરવાની મનાઈ કરી છે. જર્મનીના રક્ષામંત્રીએ સ્પષ્ટ કહ્યું કે, 'આ અમારું યુદ્ધ નથી.'ભૂતકાળમાં ૨૦૦૩ના ઈરાક યુદ્ધ વખતે પણ ફ્રાન્સ અને જર્મનીએ અમેરિકાનો વિરોધ કર્યો જ હતો.

બ્રિક્સનો ખરો ઉદ્દેશ શું છે? બ્રિક્સ દરેક ભૌગોલિક કટોકટી પર એકજૂથ રહેવા માટે નથી બન્યું. તેનો અસલી હેતુ આર્થિક સુધારા છેઃ

(૧) આર્થિક સ્વાયત્તતાઃ IMF અને વર્લ્ડ બેંકમાં સુધારા કરવા અને અમેરિકી ડોલર પરની નિર્ભરતા ઘટાડવી.

(૨) નવી ડેવલપમેન્ટ બેંકઃ સભ્ય દેશો માટે વિકાસલક્ષી નાણાંકીય સહાય ઊભી કરવી.

(૩) રાજકીય પ્લેટફોર્મઃ પશ્ચિમી વર્ચસ્વ સામે ઉભરતી અર્થવ્યવસ્થાઓને એક મંચ પૂરો પાડવો જ્યાં તેઓ પોતાની શરતો પર સંવાદ કરી શકે. આજે દુનિયા કાયમી ગઠબંધનોને બદલે ટૂંકા ગાળાનાં હિતો અને 'ટ્રાન્ઝેક્શનલ'(લેવડદેવડ આધારિત) સંબંધો તરફ વળી રહી છે. ઈરાન યુદ્ધે આ સાબિત કર્યું છેઃ

તેલના ભાવ વધતાં અમેરિકાએ રશિયા પરના પ્રતિબંધો હળવા કર્યા. અખાતી દેશોએ ઈરાની ડ્રોનથી તેમના પ્રદેશોને સુરક્ષિત રાખવા યુક્રેન પાસેથી સૈન્ય મદદ માંગી, વિચિત્રતા જુઓ, યુક્રેનની પ્રાદેશિક અખંડિતતાને સમર્થન આપતા યુએનના ઠરાવને સમર્થન આપવાનો અખાતી દેશોએ ઈનકાર કર્યો હતો. ટ્રમ્પે ચીનને હોર્મુઝની ખાડીના રક્ષણ માટે વિનંતી કરી, જેને ચીને ફગાવી દીધી.

આમ, બ્રિક્સ એ કોઈ સૈન્ય જોડાણ નથી, પરંતુ એક રાજદ્વારી અવકાશ (Diplomatic Space) છે. જ્યાં તેમનાં હિતો મળે છે ત્યાં સભ્ય દેશો સહકાર આપે છે અને જ્યાં નથી મળતાં ત્યાં તેઓ અસહમત થાય છે.

મહાત્મા ગાંધીજીનો પ્રભાવ વિશ્વભરમાં અત્યંત ઊંડો અને વ્યાપક છે. તેમના અહિંસા અને સત્યાગ્રહના સિદ્ધાંતોએ નેલ્સન મંડેલાને દક્ષિણ આફ્રિકામાં રંગભેદ વિરુદ્ધની લડાઈમાં પ્રેરણા આપી. દલાઈ લામા, આંગ સાન સુચી અને અન્ય વિશ્વ નેતાઓએ પણ ગાંધીજીના અહિંસા અને સહનશીલતાના વિચારોથી પ્રેરણા લીધી.

ગાંધીજીના વિચારોએ વિશ્વભરમાં અસંખ્ય સ્વતંત્રતા અને સમાનતાની ચળવળોને પ્રભાવિત કર્યા છે. ગાંધીજીનો પ્રભાવ આજે પણ શાંતિ, સમાનતા અને અહિંસાના માર્ગને મજબૂત બનાવી રહ્યો છે.

મહાત્મા ગાંધીજીથી પ્રેરિત થઈને તેમણે અહિંસક ચળવળ શરૂ કરી હતી.

તેઓ ૨૭ વર્ષ સુધી જેલમાં રહ્યા અને ક્યારેય હાર ન માની.

૧૯૯૦માં જેલમાંથી મુક્ત થયા પછી તેમણે શાંતિનો સંદેશ આપ્યો.

૧૯૯૪માં તેઓ દક્ષિણ આફ્રિકાના પ્રથમ કાળા રાષ્ટ્રપતિ બન્યા. તેમને નોબેલ શાંતિ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા. ભારતે તેમને પ્રથમ વિદેશી તરીકે ભારતરત્નથી નવાજ્યા હતા. તેઓ ૫ ડિસેમ્બર ૨૦૧૩ના રોજ ૯૫ વર્ષની વયે અવસાન પામ્યા હતા.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# માનવીય ક્રૂરતાની પરાકાષ્ઠા: નેતન્યાહુ, ટ્રમ્પ અને ખામેનીના અહંકારનો ભોગ બનતું વિશ્વ

**સમયાંતર**
**રામચંદ્ર ગુહા**

**યુદ્ધના મેદાનમાં ત્રણ ક્રૂર ચહેરા: ખામેની, નેતન્યાહુ અને ટ્રમ્પ, સત્તાનો અંધાપો અને વિનાશક નેતૃત્વ**

મહાન સમાજશાસ્ત્રી આન્દ્રે બેતેઇલ, જેમનું તાજેતરમાં નિધન થયું છે, તેમણે એક વાર મને પત્રમાં લખ્યું હતુંઃ ''તમારે માનવીય બાબતોના વ્યવહારમાં 'બુરાઈ' અથવા 'દુષ્ટતા'ના સ્થાન વિશે થોડું વધુ ચિંતન કરવું જોઈએ.''તેમને લાગતું હતું કે હું ગાંધી જેવા સદ્ભાવના ધરાવતા રાજકારણીઓ વિશે લખવા પર વધુ ધ્યાન આપું છું. પરંતુ ઈતિહાસ જેટલો સજ્જન માણસો દ્વારા રચાયો અને ભૂંસાયો છે, તેટલો જ અને ઘણી વાર તેનાથી પણ વધુ દુષ્ટ ઈરાદા ધરાવતાં લોકો દ્વારા પણ ઘડાયો છે. જ્યારે પશ્ચિમ એશિયામાં વર્તમાન સંઘર્ષ ફાટી નીકળ્યો ત્યારે મને પ્રોફેસર બેતેઈલની એ ચેતવણી યાદ આવી. આ સંઘર્ષ એક તરફ યુનાઈટેડ સ્ટેટ્સ અને ઈઝરાયેલ અને બીજી તરફ ઈરાનને સામસામે રાખે છે, પરંતુ આ યુદ્ધ જે રીતે આગળ વધ્યું છે તેમાં આ દેશોનું નેતૃત્વ કરનારા (અથવા હજી પણ કરી રહેલા) ત્રણ માણસોનાં વ્યક્તિત્વ અત્યંત નિર્ણાયક છે. ચાલો, આપણે એ નેતાથી શરૂઆત કરીએ, જે હવે જીવિત નથી, સ્વર્ગસ્થ અલી ખામેની. બોમ્બ પડવા લાગ્યા ત્યારે છુપાઈ જવાનો ઈનકાર કરીને સ્વેચ્છાએ મૃત્યુને ભેટવામાં ખામેનીએ નિઃશંકપણે બહાદુરી બતાવી હતી. તેમના અંતિમ દિવસોમાં તેમણે જે હિંમત બતાવી - તેમના મૃત્યુની રીત આપણને તેમના જીવનની રીત અને સૌથી ઉપર, તેઓ જ્યારે જીવતા હતા ત્યારે ઈરાનમાં તેમણે સત્તાનો ઉપયોગ કેવી રીતે કર્યો તે ભૂલવા માટે મજબૂર ન કરવી જોઈએ.

ઈરાનના સર્વોચ્ચ નેતા તરીકે ખામેની પાસે ત્રણ વિકલ્પો હતા. પ્રથમ એ હતો કે, રાજકીય પ્રક્રિયામાંથી પાદરીઓને ધીમે ધીમે પાછા ખેંચીને અને મુક્ત સમાજને પ્રોત્સાહન આપીને તેમનાં લોકોની લોકશાહી આકાંક્ષાઓને પ્રતિસાદ આપવો. આ માર્ગમાં ઈરાની મહિલાઓ પર લાદવામાં આવેલા દમનકારી ડ્રેસ કોડને દૂર કરીને લિંગ સમાનતા પર ભાર મૂકવો જોઈતો હતો, જેથી તેઓ દેશના આર્થિક, સામાજિક અને રાજકીય જીવનમાં સંપૂર્ણ ભાગ ભજવી શકે.

આર્થિક વૃદ્ધિ સાથે લોકશાહી એ પ્રથમ માર્ગ હતો જે સ્વર્ગસ્થ અલી ખામેની તેમના સત્તાના લાંબા વર્ષોમાં અપનાવી શક્યા હોત. લોકશાહી વિના આર્થિક વૃદ્ધિ (સિંગાપોર મોડેલ પર) એ તેમની પાસે ઉપલબ્ધ બીજો માર્ગ હતો. તેના બદલે, તેમના નેતૃત્વ હેઠળના ઈરાની શાસને ત્રીજો માર્ગ પસંદ કર્યો - દેશમાં વધતું દમન અને વિદેશમાં અવિચારી વિસ્તરણવાદ. લેબનોન અને યમનમાં સશસ્ત્ર જૂથોની તેની સ્પોન્સરશિપ અને સીરિયામાં બશર અલ-અસદના ક્રૂર શાસનને લશ્કરી સમર્થને તે દેશોને તોડી પાડવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. ખામેની હેઠળના ઈરાને અહંકારપૂર્વક પોતાને ઈસ્લામિક વિશ્વના નેતા તરીકે સ્થાપિત કર્યું, જેણે યહૂદી રાજ્ય ઈઝરાયેલ પ્રત્યે ખાસ દુશ્મનાવટ દર્શાવી, જેના પર તેણે તેના પ્રોક્સી હિઝબુલ્લાહ દ્વારા નિયમિતપણે હુમલા કર્યા છે. હવે ઈઝરાયેલ પર આવીએ, જેના લાંબા સમયના નેતા બેન્જામિન નેતન્યાહુ ખામેની જેટલા જ કટ્ટર વિચારધારા ધરાવે છે અને કદાચ તેનાથી પણ વધુ ઠંડા કલેજાના છે. નેતન્યાહુનો કટ્ટરપંથી ઝિઓનિઝમ તેમના પારિવારિક પૃષ્ઠભૂમિમાંથી આવે છે - તેમના પિતા પ્રખ્યાત જમણેરી યહૂદી ઈતિહાસકાર હતા અને તેમના ભાઈ એક સૈન્ય અધિકારી હતા, જેમનું ૧૯૭૯માં એન્ટેબે એરપોર્ટ પર આતંકવાદીઓ દ્વારા બંધક બનાવવામાં આવેલા ઈઝરાયેલીઓને બચાવવા જતાં મૃત્યુ થયું હતું. વડા પ્રધાન તરીકેનાં તેમનાં ઘણાં વર્ષોમાં નેતન્યાહુએ વેસ્ટ બેંકમાં ગેરકાયદે વસાહતોના મોટા પાયે વિસ્તરણની દેખરેખ રાખીને પેલેસ્ટિનિયન રાજ્યના નિર્માણની કોઈ પણ શક્યતાને વ્યવસ્થિત રીતે નબળી પાડી છે. પેલેસ્ટિનિયન ઓથોરિટી પ્રત્યેની તેમની નફરત એટલી ઊંડી હતી કે એક તબક્કે તેમણે તેમને નબળા પાડવા માટે હમાસને પણ પ્રોત્સાહન આપ્યું હતું. ૭૫,૦૦૦થી વધુ નાગરિકોને મારી નાંખ્યાં અને દસ લાખથી વધુ લોકોને બેઘર કરી દીધાં. તેમનાં આ કાર્યો માટે નેતન્યાહુને ઈન્ટરનેશનલ ક્રિમિનલ કોર્ટ દ્વારા યુદ્ધ ગુનેગાર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે અને ખરેખર તેમને તે રીતે જ જોવામાં આવવા જોઈએ.

ખરેખર, નેતન્યાહુનો સતત યુદ્ધ પ્રત્યેનો પ્રેમ એ તેમની સામેના ભ્રષ્ટાચારના કેસોને ટાળવાનો એક પ્રયાસ હોઈ શકે છે. આથી જ ઈરાન સાથેના આ વર્તમાન સંઘર્ષને શરૂ કરવા અને ટકાવી રાખવાનો તેમનો આગ્રહ છે. ન્યાયથી બચવા અને સત્તામાં રહેવાના તેમના પ્રયાસોમાં નેતન્યાહુને યુનાઈટેડ સ્ટેટ્સના ક્રમિક પ્રમુખો અનિવાર્ય સાથી તરીકે મળ્યા છે, જેમણે તેમના ગુનાઓ અને તેમના ભ્રષ્ટાચાર તરફ આંખ આડા કાન કર્યા છે અને ખાસ કરીને સાર્વભૌમ પેલેસ્ટિનિયન રાજ્યની કોઈ પણ શક્યતાને ખતમ કરવા બાબતે સાથ આપ્યો છે.

તમામ રાજકીય નેતાઓ સત્તા મેળવવા અને ટકાવી રાખવાની ઈચ્છા રાખતા હોય છે; નહીંતર તેઓ રાજકારણમાં પ્રવેશ્યા જ ન હોત. જો કે, ખામેની અને નેતન્યાહુના કિસ્સામાં વિચારધારાએ પણ તેમના રાજકારણમાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી; પ્રથમ કિસ્સામાં ઈસ્લામિક ધર્મશાહીની વિચારધારા અને બીજા કિસ્સામાં ઝિઓનિસ્ટ ઈરેડેન્ટિઝમ (ભૂપ્રદેશ પુનઃપ્રાપ્તિ)ની. તો પછી આ સંઘર્ષના ત્રીજા મુખ્ય અભિનેતા ડોનાલ્ડ ટ્રમ્પનું શું? તેઓ પણ ચોક્કસપણે સત્તા દ્વારા સંચાલિત છે, પરંતુ તેમની પાસે કોઈ પ્રકારની સુસંગત વિચારધારા છે કે કેમ તે કહેવું મુશ્કેલ છે. ટ્રમ્પ પ્રેક્ટિસિંગ ખ્રિસ્તી હોવાનો દાવો કરે છે, છતાં તેમના અંગત જીવનમાં તેમણે દસ આજ્ઞાઓમાંની મોટા ભાગની અથવા તમામનું ઉલ્લંઘન કર્યું છે. સ્પષ્ટપણે યુદ્ધવિરોધી પ્લેટફોર્મ પર સત્તામાં પાછા ફર્યા પછી ટ્રમ્પે નાઈજીરિયા અને સોમાલિયા પર બોમ્બ ફેંક્યા છે, વેનેઝુએલા પર હુમલો કર્યો છે અને ઈરાન સામે બે મોટાં લશ્કરી ઓપરેશન શરૂ કર્યાં છે. એટલે કે, ટ્રમ્પ બિલકુલ વિચારધારા ધરાવતા વ્યક્તિ નથી. માન્યતા નહીં, પણ તકવાદ જ તેમનાં કાર્યોને માર્ગદર્શન આપે છે. સત્તા સિવાય, જે બાબત તેમને સૌથી વધુ ઉત્તેજિત કરે છે તે છે અહંકાર અને લોભ. અમેરિકાએ ઈરાન પર આ તાજેતરનો વગર ઉશ્કેરણીએ હુમલો શા માટે કર્યો તેના તર્કસંગત, લોજિકલ અને વિશ્વસનીય કારણો શોધવા, જો અશક્ય નહીં તો મુશ્કેલ છે. મેં સાંભળ્યું છે કે બરાક ઓબામાના વહીવટીતંત્રે ઓસામા બિન લાદેનને ખતમ કર્યો હોવાથી તેઓ તેનાથી એક કદમ આગળ વધીને ખામેનીને ખતમ કરવા માંગતા હતા. અન્ય લોકોનો દાવો છે કે ગાઝામાં 'રિવિએરા' બનાવીને નસીબ અજમાવવાનો વિચાર તેમને નેતન્યાહુના માર્ગને અનુસરવા માટે વિશેષ રીતે સંવેદનશીલ બનાવે છે. ત્રીજી શક્યતા એ છે કે ઈરાન અને ઈરાનીઓને નુકસાન પહોંચાડવાનો આનંદ મેળવવાની ઈચ્છા, જે વિશ્વની સૌથી શક્તિશાળી સેનાના જીવલેણ શસ્ત્રાગાર દ્વારા કરી શકાય છે. ચોથી શક્યતા ઈરાનના તેલના ઈન્ફ્રાસ્ટ્રક્ચરને કબજે કરી અને તેને તેમના નજીકના સાથીઓને સોંપવાની છે.કારણ ભલે અહંકાર હોય, લોભ હોય કે અન્યના દુઃખમાં મળતો આનંદ હોય - અથવા આ પરિબળોનું મિશ્રણ હોય - ટ્રમ્પના ઈરાન પર મિસાઈલ અને બોમ્બમારો કરવાના નિર્ણયથી શાસનને ટેકો આપતા અને ન આપતાં બંને નાગરિકોને ભારે વેદના થઈ છે. રહેણાંક વિસ્તારો, દુકાનો, ઓફિસો અને હેરિટેજ ઈમારતો પર આડેધડ બોમ્બમારો થવાને કારણે હજારો ઈરાનીઓ માર્યા ગયાં છે અને લાખો લોકો વિસ્થાપિત થયાં છે. દરમિયાન, ઈઝરાયેલ દ્વારા લેબનોનનાં શહેરો અને નગરો પર બોમ્બમારો કરવાથી તે દેશનાં દસ લાખ લોકોએ તેમનાં ઘરો ગુમાવ્યાં છે અને છોડવા પડ્યાં છે. આ પ્રચંડ માનવીય પીડા સિવાય, પ્રદેશમાં અને તેલનાં બજારોમાં વ્યાપક અસ્થિરતાને કારણે શીત યુદ્ધના અંત પછીનું આ સૌથી મોટું વૈશ્વિક સંકટ સર્જાયું હોય તેમ લાગે છે.

મારે ફરી એક વાર ભારપૂર્વક કહેવું જોઈએ કે, આ સંઘર્ષના પક્ષકારોમાં કોઈ સારા માણસો નથી. ઈરાન, ઈઝરાયેલ અને યુનાઈટેડ સ્ટેટ્સના નેતાઓ બધા જ દુષ્ટ છે, જેઓ હત્યાઓ કરવા અને વેદના પહોંચાડવા માટે ભારે હિંસાનો ઉપયોગ કરવા સક્ષમ અને તૈયાર છે. તેમ છતાં કોઈએ તેમની સાથે સમાન વ્યવહાર ન કરવો જોઈએ. કારણ કે,આ દરેક દેશો પાસે રહેલાં વિનાશક સાધનો સમાન નથી. ઈરાન પાસે ઈઝરાયેલ કરતાં ઘણો ઓછો સજ્જ લશ્કરી શસ્ત્રાગાર છે અને અમેરિકા પાસે માનવજાતના ઈતિહાસમાં સૌથી શક્તિશાળી સૈન્ય છે. અંદરના દમન અને ખાસ કરીને વિદેશમાં દખલગીરીને કારણે ઈસ્લામિક રિપબ્લિક ઓફ ઈરાનને આ સંઘર્ષમાં સંપૂર્ણપણે નિર્દોષ ભોગ બનનાર ગણી શકાય નહીં. છતાં નેતન્યાહુનું ઈઝરાયેલ અને ટ્રમ્પનું અમેરિકા ઘણા મોટા પ્રમાણમાં ગુનેગાર છે. કારણ કે,તેમની પાસે વિનાશનાં વધુ શક્તિશાળી સાધનો છે અને લાચાર તેમજ નિર્દોષ મનુષ્યો પર તેનો ઉપયોગ કરવાની ઈચ્છાશક્તિ પણ છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## મંદિરનાં 'દેવી' અને રોડ પરના 'માનવી' તંત્રના અહંકારના ભરોસે

ગણદેવી-નવસારી રોડ પાસે ખખવાડા ગામથી રાષ્ટ્રીય ધોરી માર્ગ પસાર થાય છે. જે વર્ષોથી તીવ્ર વળાંકવાળો હોઈ ગોઝારો રહ્યો છે. ત્યાં વારંવાર ભયંકર અકસ્માતોનો ઈતિહાસ રહ્યો છે. તે સાથે જ અડીને સદીઓથી હિંગળાજ માતાનું મંદિર આવેલું છે. ગામનાં ધાર્મિક-શ્રદ્ધાળુ લોકો દ્વારા મંદિરનું ખૂબ જ સારી રીતે પુનઃનિર્માણ કરવામાં આવેલ છે. ભૂતકાળમાં વારંવાર રોડનું વિસ્તરણ અને પુનઃનિર્માણ થવા છતાં વળાંકવાળા રોડ માટે કોઇ કાર્ય કરવામાં આવેલ નથી તેથી વારંવાર અકસ્માતો થાય છે. વચગાળામાં રોડના વળાંક આગળ બંને બાજુ બમ્પર નાંખવાથી અકસ્માતો મહદ્ અંશે ટાળી શકાયા હતા. પરંતુ રોડના વિસ્તરણ દરમ્યાન તંત્ર દ્વારા બમ્પર કાઢી નાંખવામાં આવેલ છે અને તુરંત રોડ અકસ્માતોની હારમાળા ચાલુ થઈ ગઈ છે. જવાબદાર અધિકારી અને તંત્રને આ બાબતમાં વારંવાર જણાવેલ છે. છતાં કોઇ પગલાં લેવામાં આવેલ નથી. મંદિરના પરિસરને પણ અકસ્માતમાં વારંવાર લાખોનું નુકસાન થવા પામેલ છે અને આટલા ધાર્મિક સ્થળના પરિસરને થતાં વારંવાર નુકસાન માટે ધાર્મિક સંસ્થાઓ પણ મૂક છે. ટૂંકમાં, નફફટ તંત્ર અહંકારના લીધે ખખડાવતા હિંગળાજ મંદિરની માતા અને રસ્તા ઉપરના આમ માણસો તેમના અહંકારના ભરોસે છે. આ બાબતમાં ત્વરિત ઘટતું થાય એવી તંત્ર અને આગેવાનોને વિનંતી સાથે જ અપેક્ષા.

**ખખવાડા, નવસારી-અજય ટી. નાયક**

## મુસ્લિમ ભાઈએ મંદિર માટે જમીન દાનમાં આપી

પંજાબના મોહાલીના ઝામપુર વિસ્તારમાં 12 ફેબ્રુઆરી 2026ના રોજ એક મુસ્લિમ પોતાની જમીન પર મંદિર બાંધવા માંગતા હતા પણ તેમની પાસે મંદિરલાયક કોઇ મોટી જગ્યા નહોતી. આ મુસ્લિમ ભાઇ નવાજુદ્દીનને ખબર પડી તો સામે ચાલીને પોતાની જમીન મંદિર બાંધવા માટે આપી દીધી. આ પ્રસંગે હાજર રહેલા પંજાબના શાહી ઈમામે કહ્યું કે અનેકતામાં એકતા જ ભારત દેશની તાકાત છે. જેને કોઇ તોડી શકે એમ નથી. હિન્દુ-મુસ્લિમ એકતા જ ભારતને મહાન અને શક્તિશાળી રાષ્ટ્ર બનાવશે!

**યુએસએ - ડો. કિરીટ એન. ડુમસિયા**

## રોશની બારેમાસ

વર્તમાન સમયમાં ઈરાન, ઈઝરાએલ, અમેરિકા, અખાતી દેશો તથા અન્ય ઘણા દેશોમાં ખનિજ તેલ-ગેસના મામલે ચકમક ઝરી રહી છે, (સાચાં કારણો તો બીજાં જ છે. ) જેની વૈશ્વિક સ્તરે અસર દેખાવા લાગી છે. ગેસ-તેલની કટોકટી ચાલુ થઈ ગઈ છે. અસર છેવટે તો પ્રજાએ જ ભોગવવી રહી. એક રસપ્રદ કિસ્સો વડોદરાનો અત્રે યાદ આવે છે. આશરે 45 વર્ષ પહેલાં અમે વડોદરા રહેતાં. નવાં-નવાં ગેસ કનેકશનો આવેલાં. ગેસ 24 કલાક છૂટથી વાપરી શકાતો. કેટલાંક લોકો માચીસ-લાઈટરનો ઉપયોગ અવારનવાર ટાળતાં તેમજ શિયાળામાં રસોડામાં ગરમાટો લાવવા ગેસ-ચૂલા ચાલુ જ રાખતાં. હવે એવો સમય નિશ્ચિત આવશે, કે સોલાર વીજળી વગેરેનો વ્યાપ ખૂબ જ વધી જશે. સોલાર વીજળી વડે ચાર્જ કરી શકાય એવાં ઘણાં સાધનો આવશે. સરવાળે એની વીજળી મફત મળતી થશે. બજારમાં વિવિધ પ્રકારનાં ઉપકરણો આવશે તેમજ અંધારિયાં ઘરોમાં પણ ઝળાંહળાં વીજળી ઝબૂકશે. સૂર્યનારાયણ દેવકી જય હો! રોશની બારે માસ એક હકીકત બની જશે.

**પાલ-ભાઠા રમેશ એમ. મોદી**

## ખંડિત મનોરંજન

રેડિયો પર અનેક મનોરંજક કાર્યક્રમો રજૂ થતા રહે છે. હિન્દી ફિલ્મોનાં નવાં જૂનાં ગીતો મનોરંજન પૂરું પાડે છે. એ જ રીતે અન્ય કાર્યક્રમોનું પણ પ્રસારણ થતું રહે છે. આવકના સાધન તરીકે વ્યાવસાયિક જાહેરખબરો જરૂરી લાગે, પણ હવે તો વધુ પડતો સરકારી વિક્ષેપ થતાં તેટલા અંશે કાર્યક્રમ બાધિત થાય છે. પ્રચારાત્મક સરકારી સંદેશાઓમાં પ્રમાણભાન જરૂરી છે. રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર તરફથી એવો વિભાગો તરફથી જાહેરખબરો મૂકાય છે પણ એકની એક જાહેરખબર મર્યાદિત સમયના કાર્યક્રમમાં અનેક વાર પ્રસારિત થાય ત્યારે કંટાળાજનક રીતે વિક્ષેપ ઊભો થાય છે અને સુમધુર રસભર્યાં મનોરંજન ગીતોની મઝા ખંડિત થઇ જાય છે. અડધા કલાકના કાર્યક્રમમાં એકની એક જાહેરખબર પાંચ છ વાર મૂકી દેવાતાં ચીઢ ચઢે છે. સરકારી જાહેરખબરો પણ તમામ વર્ગનાં શ્રોતાઓને ધ્યાનમાં રાખીને મૂકવાને બદલે જાણે તાલીમવર્ગના પાઠની જેમ પુનરાવર્તિત થતી રહે છે. અખબારોમાં આવી જાહેરખબરો છપાવી શકાય પણ તેને બદલે આક્રમણખોર થઈને સુંદર મનોરંજક કાર્યક્રમ પર હુમલો થતો રહે છે અને પરિણામે ખંડિત મનોરંજન શ્રોતાઓને ભાગે આવે છે. રસપ્રદ સીરિયલોમાં રસભંગ થતો રહે છે, સીરિયલની લંબાઇ વધે છે અને તેથી અપૂર્ણ રહે છે. આવી જ હકીકત ટી.વી. કાર્યક્રમોના સંદર્ભમાંય રહે છે. માનસિક તાઝગી અને મનોરંજન માટેનાં આ સાધનો જનસાધારણ માટે સુલભ રહેવાં જોઈએ. દૂર થવું જોઈએ વિક્ષેપનું દુર્ભાગ્ય.

**સુરત - યૂસુફ એમ. ગુજરાતી**

## 'સ્પર્શનો આનંદ

જૂના કાળમાં વસ્તુની આપ-લે વ્યવહારમાં બાટર પદ્ધતિ અમલમાં હતી. વસ્તુના બદલામાં બીજી વસ્તુ- મોચી જોડા સીવી આપે તો ખેડૂત બદલામાં અનાજ આપી દેતો. લુહાર તલવાર કે હળ બનાવે તો બદલામાં બીજી વસ્તુ મેળવી લેતો. ત્યાર પછી આવ્યા સિક્કા. વસ્તુની સામે તેટલા મૂલ્યના કોઈન અપાતા- આમાં આપનાર-લેનાર વચ્ચે સંબંધ રહેતો. સિક્કાનો સ્પર્શ પણ આનંદ આપતો. ત્યાર પછી આવી કરન્સી નોટ, તેમાં પણ આપવા-લેવામાં આનંદ તો રહેતો. સાથે સાથે સંબંધ પણ રહેતો. નોટનો સ્પર્શ પણ આનંદ આપી જતો. સુખનો અહેસાસ રહે. ઘણી વાર આવેલી નોટોમાંથી સારી સારી નોટો અલગ કરીને જૂની નોટો પહેલાં ચલાવી લેવામાં ડહાપણનું કામ લાગતું.હવે ઓનલાઈન પેમેન્ટમાં નોટને સ્પર્શવાની કંઈ જરૂર ના રહી. ના છૂટાની ઝંઝટ, ના પૈસા ગણવાની માથાકૂટ, એક મોબાઈલની ક્લીકથી કામ આસાન થઈ જાય. સગવડતા અને સરળતા ઘણી થઈ ગઈ. પણ સંબંધો ખલાસ થતા ગયા. વસ્તુ મળી ગઈ. પૈસા ચૂકવી દીધા. બસ પૂરા. બસ, ખાઓ-પીઓ મઝા કરો. વૈજ્ઞાનિક પ્રગતિ અને વૈજ્ઞાનિક અભિગમ આવકાર્ય પણ જેના માટે આ બધું છે એ માનવીનું શું ભવિષ્ય? એવું લાગે છે કે સાચા આનંદ માટે થોડા પાછા વળવાની જરૂર છે.

**સુરત - પ્રફુલ એમ. કંસારા**

## અંશાતધારા નામે કાળો કારોબાર

ગુજરાતમાં અનેક રાજ્યોમાં અંશાતધારાનો ભંગ કરી અંગત સ્વાર્થ માટે કાળો કારોબાર ચાલી રહેલો હોવાના સમાચારો મળી રહ્યા છે, જેના અનુસંધાનમાં જ હાલમાં જ ભાવનગરમાં હિન્દુ કોમર્શિયલ મિલકતો અન્ય કોમને આપવાની મંજૂરીની ફાઈલો અંગે લાંબા સમયથી ગંભીર ચર્ચાએ જોર પકડયું છે. તેના સંદર્ભમાં જ કોન્ટ્રાક્ટર બેગર પર કાર્ય કરતા ડ્રાઈવરે આ કાળા કારોબારમાં 10 લાખ લીધા છે તેના ઓડીયોએ ખળભળાટ મચાવી દીધો છે. S.D.ના એ સંતોની રૂએ ડ્રાઈવરને તાત્કાલિક ધોટલો નોકરીમાંથી છૂટો કરી દીધો છે અને વાંધાજનક અરજી સ્વીકારીને પોલીસે જરૂરી કાર્યવાહી શરૂ કરી દીધી છે. અશાંતધારાથી કાળો કારોબાર ગુજરાતનાં રાજ્યોનાં શહેરોની વર્તમાન સ્થિતિનો અભ્યાસ કરતાં એવું લાગે છે કોમી એકતાના હેતુથી નિર્માણ થયેલા 'અશાંત ધારા' ના કડક અમલ માટે જિલ્લા કલેક્ટરને વિશેષ સત્રો અને અધિકાર આપવાનો સમય આવી ગયો છે જે જનહિતમાં જરૂરી છે.

**મોટી મંદિર, સુરત - રાજુ રાવલ**